R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-25 • ISSUE: 25 DATE: 18-06-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## એનજીઓ સબરંગ ટ્રસ્ટનું એફસીઆરએ નિયમોના ઉલ્લંઘનના મામલે કેન્દ્ર સરકાર દ્વારા રજીસ્ટ્રેશન રદ



જાણીતી એનજીઓ સબરંગ ટ્રસ્ટ જેની સાથે તિસ્તા સેતલવાડ સામાજીક કાર્યકર્તા તરીકે જાણીતા હતા તે એનજીઓનું રજીસ્ટ્રેશન કેન્દ સરકાર દ્વારા એફસીઆરએના નિયમોના ઉલ્લંઘન માટે રદ કરી દેવાયુ છે.તેમના એનજીઓ પર ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન)એકટ ૨૦૧૦ના ઉલ્લંઘનનો આરોપ છે.આ મામલે સીબીઆઈએ સબરંગ કમ્યુનિકેશન એન્ડ પબ્લીસીંગ પ્રા.લી.સામે પણ તપાસ હાથ ધરી છે.

આ ટ્રસ્ટ તીસ્તા અને તેમના પતિ જાવેદ આનંદ ચલાવે છે.આ પહેલાં મંત્રાલયે સબરંગ ટ્રસ્ટ પર ફોરેન ડોનેશન હાંસલ કરવા અંગે પ્રતિબંધ મુક્યો હતો.મંત્રાલયે આ સાથે જ ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ (એફસીઆરએ)અંતગર્ત સબરંગનું લાયસંસ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી હતી.સબરંગ ટ્રસ્ટ ૨૦૦૨ ગોધરાકાંડ પછીના ગુજરાતના રમખાણોનો મામલો ઉઠાવતું હતું તિસ્તા સેતલવાડ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના ટીકાકાર રહ્યા હતા.

જો તિસ્તા સેતલવાડે કહ્ છે કે સબરંગને સરકારે લીધેલાં પગલાંથી કોઇ આશ્ચર્ય થયું નથી.અને તેમના માટે આવો આદેશ અપેક્ષિત હતો.એનજીઓએ કહ્યુ કે તેઓ કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશને કોર્ટમાં પડકાર ફેકશે.એનજીઓ સામે કરવામાં આવેલા આક્ષેપો પાયાવિહોણા છે અને તર્કહીન છે.તેમ કહીને તેમણે કહ્યુ હતું કે ગૃહમંત્રાલયે અગાઉ જે આક્ષેપો કર્યા હતા તેનું જ પુનરાવર્તન કરવામાં આવ્યું છે તેનો અમને અફસોસ છે.

## બોગસ એન્કાઉન્ટરમાં મરાયેલ સાદિક જમાલ ત્રાસવાદી હોય તેવો એકપણ પુરાવો સીબીઆઇને મળ્યો નથી

ગુજરાતમાં થયેલા બોગસ એન્કાઉન્ટર પૈકીના સાદિક જમાલ કેસમાં સીબીઆઈ તરફથી એવો રિપોર્ટ આપવામાં આવ્યો છે કે સાદિક જમાલ આંતકવાદી હોય તેવો એક પણ પુરાવો મળ્યો નથી.સીબીઆઈએ કરેલી તપાસમાં મળેલ માહીતી મુજબ આ વ્યક્તિનું ઠંડે કલેજે ઢીમ ઢાળી દેવાયુ હતું.જેથી હાલ પુરતું આ પોલીસનું બોગસ એન્કાઉન્ટર સાબિત થઈ શકે છે.ભવિષ્યમાં સીબીઆઈ પોતાનું સ્ટેટમેન્ટ બદલી પણ શકે છે.

૧૩ જાન્યુઆરી, ૨૦૦૪માં સાદિક જમાલનું નરોડા-ગેલેક્ષી વિસ્તારમાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. આ મામલે સાદિકના ભાઈ શબ્બીર જમાલે હાઈકોર્ટમાં પિટિશન કરતાં હાઈકોર્ટે આ મામલે સીબીઆઈને તપાસ કરવા આદેશ કર્યો હતો.સીબીઆઈએ વર્ષ ૨૦૧૧માં પોલીસ અધિકારી તરુણ બારોટ સહિત આઠની ધરપકડ કરી હતી.આ કેસમાં ધરપકડ કરાયેલા તમામ અધિકારીઓ જામીન પર હાલમાં તો છુટી ગયા છે.સરકાર બદલાયા બાદ તબક્કાવાર તમામ અધિકારીઓને સીબીઆઈ કોર્ટે જામીન પર મુક્ત કર્યા હતા.ત્યારે નિર્દોષ હોવાનો અને ખોટી રીતે સંડોવણી કરી દેવામાં આવી હોવાનો મુદો ઉઠાવીને અધિકારી કે.એમ,વાઘેલાએ આ કેસમાંથી ડીસચાર્જ કરવા અરજી કરી હતી. તેમાં સીબીઆઈએ જવાબ રજુ કરતાં તેમાં જણાવ્યુ હતું કે અત્યાર સુધીમાં જે કાંઈ તપાસ થઈ છે તેમાં સાદિક જમાલ આતંકવાદી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.પરંતુ તેની હત્યા કરવામાં આવી છે તેવું સીબીઆઈ તરફથી કોર્ટને જણાવાયુ હતું.

## ઇશરત કેસની મહત્વની ફાઇલો ગુમ થઇઃ તપાસ ટીમને માત્ર એક દસ્તાવેજ મળી આવ્યો

ઈશરત બોગસ એન્કાઉન્ટર કેસમાં જોડાયેલી ૧૮થી ૨૮ સપ્ટે.૨૦૦૯ વચ્ચેની ફાઈલો ગુમ થઈ છે. અને તે વખતે ગૃહમંત્રી પી.ચિદામ્બર હતા. આ માટે નિમાયેલ તપાસ ટીમે પોતાનો રિપોર્ટ સોપી દીધો છે.ગૃહમંત્રાલયના સુત્રોના જણાવ્યા મુજબ જે ફાઈલો ગુમ થઈ છે તેવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે તેમાંથી ફક્ત એકજ દસ્તાવેજ મળી આવ્યો છે.બાકીની ફાઈલ તપાસ સમીતિને મળી નથી.ઈશરત એન્કાઉન્ટર જો બોગસ સાબિત થાય તો અનેકો તેમાં ફસાઈ શકે તેમ છે. રાજકારણના દાવપેચ આ કેસમાં ભળ્યા છે.

## ભારતીય રીઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજન વિરુધ્ધ સ્વામીએ ફરીથી મોરચો ખોલ્યો





ભારતીય રીઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજન વિરુધ્ધ ભાજપના રાજયસભાના સાંસદ છેલ્લા કેટલાક વખતથી મોરચો ખોલીને બેઠા છે.સ્વામીના મતે ભારતીય અર્થતંત્ર માટે રઘુરામ રાજન યોગ્ય વ્યક્તિ નથી. તેમણે વડાપ્રધાનને આ બાબતે આ પહેલા પણ જણાવ્યુ છે. પરંતુ ફરી એકવાર તેમણે વડાપ્રધાનને પત્ર લખીને રાજન વિરુધ્ધ સીબીઆઇ અંતગર્ત બનાવવામાં આવેલી એસઆઈટી દ્વારા તપાસ કરવાની માંગણી કરી છે.સ્વામીએ આરોપ લગાવ્યો છે કે આરબીઆઈએ સ્મોલ ફાઈનાન્સ બેકને લાયસંસ આપવામાં ગોલમાલ કરી છે.સ્વામીનું કહેવું છે કે સરકારી નીતિ અંતગર્ત જે સંસ્થાઓએ બેક લાઈસંસ માટે અરજી કરી અને તેમાંતી જે બેકોને લાયસંસ મળ્યા તેમાંથી એકેય નિયમ શરતોનું પાલન કર્યુ નથી.તેમ છતાં તેમને લાયસંસ આપવામાં આવ્યા છે.

સ્વામીનું કહેવુ છે કે તેનાથી એ જાણવા મળે છે કે લાયસંસ આપવામાં નિયમોની અવગણના કરવામાં આવી છે.અને તેનાથી તેમના ઈરાદાઓ પર શંકા જાય છે.ભાજપનાનેતાનો આરોપ છે કે તેનાથી સ્પષ્ટ થાય છે કે આ મામલે ભ્રષ્ટાચાર થયો છે અને તેની તપાસ થવી જોઈએ.સ્વામી એ કોગ્રેસના નેતા અને પુર્વ નાણાંમંત્રી પી.ચિદંમ્બર પર નિશાન સાધતાં જણાવ્યુ હતું કે નાણાં મંત્રાલયના કેટલાક એવા અધિકારીઓ છે જે ચિદામ્બરના પસંદના છે કે નિકટના છે. આ મામલામાં મની લોન્ડરીંગની ગંધ આવી રહી છે.અને તેના દ્વારા નેતાઓ અને અધિકારીઓને લાભ મળવાની આશંકા છે.

## સોશ્યલ મીડીયા પર આપત્તિજનક ફોટા અપલોડ કરાતાં મધ્યપ્રદેશમાં મામલો બિચક્યો : એકની હત્યા - છ ઘાયલ

સોશ્યલ મીડીયા મેસેજીંગ એપ વ્હોટ્સએપ પર કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના આપત્તિજનક ફોટા મુકાતા મધ્યપ્રદેશના જબલપુરમાં બે પક્ષો વચ્ચે મામલો બિચક્યો હતો.વિવાદ પોલીસ સ્ટેશન સુધી પહોચ્યો હતો ત્યાં જ એક વ્યક્તિનુ ખુન કરવામાં આવ્યુ હતું. અને અન્ય છ વ્યક્તિઓ ઘાયલ થઈ હતી.

બનાવની વિગતોમાં જોઈએતો કોગ્રેસના કોર્પોરેટર જતિન રાજે વ્હોટસએપ પર પોતાના મહોલ્લાવાળાના સંપર્કમાં રહેવા માટે એક ગ્રુપ બનાવ્યુ હતું.આરોપ છે કે પ્રશાંત નાયક નામના એક વ્યક્તિએ સોનિયા ગાંધીનો આપત્તિજનક ફોટો શેર કર્યો હતો.ફોટામાં સોનિયા ગાંધીને વાસણ સાફ કરતાં બતાવવામાં આવ્યા હતા.સાથે મેસેજમાં લખવામાં આવ્યુ હતું કે નરેન્દ્ર મોદીને કારણે સોનિયાની આ સ્થિતિ સર્જાઈ છે રાત્રે બંન્ને ગ્રુપમાં વિવાદ શરુ થયો હતો.ત્યાં બે પક્ષો વચ્ચે મારામારી થતાં એક વ્યક્તિને ચાકુ મારી દેવામાં આવ્યુ હતું જેનુ મોત નિપજ્યું હતું. મરણ પામનાર વ્યક્તિનું નામ ઉમેશ વર્મા હતું.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

વિદેશોમાં થતા સત્કાર અને તાળીઓના ગડગડાટ કે પછી સ્ટેન્ડીંગ ઓવેશનની પ્રશંસકો દ્વારા થતી પબ્લીસીટી માત્ર એક પ્રકારની શૈલી છે.અગાઉ પણ આપણા દેશના વડાઓને આજ રીતે સત્કાર અને આ પ્રકારની શૈલીથી નવાજમાં આવ્યા છે. પરંતુ કેટલીક બાબતોને ચઢાવીને કહેવાની આદત કેટલાક સરકારી હજુરીયાઓને પડી ગઇ છે અને તેમને આ સરકારની કોઇપણ કાર્યવાહી કે મુલાકાત પ્રથમ વખત અને ઐતિહાસિક લાગતી હોય છે. નજરનો દોષ તો સહુને હોય પરંતુ તમારા ચશ્મા અન્યોને ના પહેરાવો.

અમેરિકી સાંસદોએ જે રીતે વ્યવહાર કર્યો તે પાછળથી મહત્વના સુધારામાં કામ ન આવ્યો.અમેરિકી સેનેટ મંજુરી આપી નહી.ભારતને અમેરિકા વૈશ્વિક સંરક્ષણાત્મક અને વ્યુહાત્મક ભાગીદાર તરીકેનો દરજ્જો અપાવે તે શક્ય બન્યું નહી.નેશનલ ડિફેન્સ ઓથોરાઇઝેશન એક્ટમાં કેટલાક સુધારાઓ સુચવવામાં આવ્યા હતા પરંતુ સેનેટે તેને બહાલી આપી નથી.ભારતને સંખ્યાબંધ સંરક્ષાત્મક પ્રોજેક્ટમાં અમેરિકા ધાર્યા મુજબના ટેકનોલોજીકલ ટ્રન્સફરના લાભો સહિતનો સહયોગ આપી શકશે નહીં.ભારત માટે આ નિરાશાજનક ઘટનાક્રમ છે. આપણે બહુ પીપુડી વગાડીને મોદીની અમેરિકી યાત્રાને પબ્લીસીટી આપી હતી.ઓબામાની મૈત્રી કોઇ કળે ફળી નથી.આ સુચવે છે કે ભારતે રાજદ્વારી નીતિમાં સૌજન્યલક્ષી વિવેક ચેષ્ટાઓથી આગળ વધીને નક્કર કાર્ય કરવાની જરુર છે.ખોટી બડાશો કે પબ્લીસીટીથી માત્ર દેશના કેટલાક વર્ગને અમુક સમય સુધી ભ્રમમાં રાખી શકાય.

## મંતવ્ય

# મોંઘવારીના નામે વોટ મેળવ્યા અને સત્તા મળતાં ભાજપ પ્રજાને ભુલી ગયો

મોંઘવારીએ માઝા મુકી છે. પ્રજા બેહાલ બની છે. અને સત્તા પર બેઠેલ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ મુક રીતે પરિસ્થિતિ નિહાળી રહ્યા છે.ભારતીય જનતા પાર્ટીએ પોતાની રાજકીય તાકાત ઉભી કરવા માટે મોંઘવારી અને ભાવ વધારાના ઢોલ જનતા સમક્ષ સતત પીટતા રહ્યા.જરુર પડે ધરમનો અને મંદિરનો સહારો પણ લીધો.છેલ્લા પંદર વર્ષોમાં સત્તા મેળવવા માટે આંદોલનો કરીને પ્રજાને છેતરીને સત્તાની ગાદી મેળવી લીધી.

આજે આજ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ જે મોંઘવારી અને ભાવ વધારા સામે આંદોલનો કરતા હતા તેમની સામે ભાવ વધારાનો મોટો પ્રશ્ન આવીને ઉભો રહ્યો છે.કોંગ્રેસના વખતમાં ૨૦૦રુ. કીલો દાળ નહોતી મળતી કે તેલનો ડબ્બો ૨૨૦૦રુપીયે નહોતો મળતો તોય તમે આંદોલનો કરતા અને ભોળી જનતાને ભ્રમાવતા રહ્યા.આજે તમારુ મો કેમ બંધ છે.ગુજરાતના નાગરિકો તમોને પુછી રહ્યા છે કે મોંઘવારીના મુદ્દે તમો શેરીઓ ગજવતા ત્યારે નાગરિકોએ તમને ટેકો આપ્યો હતો.હવે જ્યારે તમારી પાસે બંન્ને બાજુએ સરકાર છે.ગુજરાતની અને કેન્દ્રની તો મોંઘવારીને કાબુમાં લેવા તમે શું કરો છો.હાય રે મોંઘવારીના નારા લગાવતો ભાજપનો પક્ષ સત્તા પર આવતાં જ લોકોને ભુલી ગયો છે.ત્રણ લાખ લોકોની રેલીઓ ભાજપે મોંઘવારીના મુદ્દે કાઢી હતી. આજે આજ નેતાઓ સરકારી મહેમાનગતિ અને ભોજનના સ્વાદ લેતાં પ્રજાને ભુલી ગયા છે.

ખાડીયામાં તેલના ભાવ વધારા સામે ભાજપના નેતા સ્વ અશોક ભટ્ટ આંદોલનો કરવા જાણીતા હતા.માત્ર બે રુપીયા કીલોના ભાવ વધારા સામે ભાજપના નેતા આંદોલનો કર્યા છે તે ઇતિહાસ જાણીતો છે.આજે તેલીયા રાજાઓને લહેર છે.દાળના વેપારીઓ,શાકભાજીના વેપારીઓ,કાળા બજારીયાઓ,સટોડીયાઓ સત્તા સ્થાને બેઠેલાના હમદર્દ અને સાથી છે.પ્રજા આ બધાને કારણે પરેશાની ભોગવી રહી છે અને તેની પીડા સાંભળનાર કોઇ નથી.ભાજપના નેતાઓ પોતાની કારકીર્દી જે રીતે શરુ કરી હતી અને તે અને આજની તેમની જાહોજલાલી ઉંચી છે. ફુટપાથથી શરુ થયેલી રાજકીય કારકીર્દી હવે ફાઇવ સ્ટાર કલ્ચરમાં ફેરવાઇ ગઇ છે.

આંદોલનોમાં ભાજપને કોઇ પહોંચે તેમ નથી. આફતોને અવસરમાં પલટી નાંખવાના નિષ્ણાંતોની કમી નથી.૧૯૮૨થી ૧૯૯૬ સુધીના વર્ષોમાં થયેલા આંદોલનો માં ગુજરાત બંધ,અમદાવાદ બંધ, ભારતબંધ વિગેરેના એલાનોમાંથી પ્રજા પસાર થઇ છે.લોકો તેમનો ટેકો આપતાં,પોતાની રોજગારી ધંધા વિગરેમાં પડતી મુશ્કેલીઓમાં પણ તેમણે ભાજપને સાથ અને સહકાર આપ્યો છે.આખરે મતોના ઢગલા કરીને તેમની મતપેટીઓ છલકાવી દીધી અને પરિણામ શું આવ્યું છે આજે પ્રજા બોર જેવડા આંસુઓથી રોઇ રહી છે અને પસ્તાવો કરી રહી છે કે તેમણે એક ભયંકર ભુલ કરી નાંખી છે.એકલ દોકલ વ્યક્તિ કે નેતા આ સત્તા પર મદમાં આવી ગયેલા લોકોની સામે કોઇ લડત આપી શકશે નહીં.નહિતર તેમને ખેદાનમેદાન કરી દેવાશે.પ્રજાએ ફરીથી જાગૃત થઇને પસંદગી એવા લોકોની કરવાની રહેશે જે સત્તા પર બેઠા પછી પ્રજાને ભુલી ના જાય.પ્રજાના પ્રાણ પ્રશ્નોની જાણકારી રાખે અને તેનો સચોટ ઉકેલ લાવે.

જયેશ એલ.રવાણી

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે હવે તેમના નવા ડ્રેસ કોડ માટેની પ્રક્રિયા શરુ કરી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ઓળખ ખાખી ચડ્ડીથી ઓળખાતી હતી.વર્ષો બાદ સંઘે પોતાનો ડ્રેસકોડ બદલવાની પ્રક્રિયા હાથ ધરી અને ડ્રેસમાં ખાખી ચડ્ડીને સ્થાને ફુલ પેન્ટ રાખવાનો નિર્ણય કર્યો.આ માટે સંઘે નવા ડ્રેસ તૈયાર કરવા માટે રાજસ્થાન ટેક્સટાઇલ્સ સીટી ભીલવાડાની આઠ કંપનીઓને ૧૦ લાખ ફુલ પેન્ટનો ઓર્ડર આપ્યો છે.માર્ચમાં નાગોરમાં યોજાયેલી સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં ડ્રેસમાં ખાખી ચડ્ડીના સ્થાને મુંગિયા ફુલ પેન્ટ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ભીલવાડા શહેરની રિકો ૪ ફેઝની ૮ કપડા વિવિંગ કંપનીઓને આરએસએસનું નવું પેન્ટ બનાવવા માટે ૧૦ લાખ મીટર કપડું આપવામાં આવ્યું છે.જ્યારે ચિતોડગઢ જિલ્લાના ચૌધાવાડી ગામમાં સ્થિત ટાઇટન પ્રોસેસર્સ હાઉસમાં આ કપડાં પર પ્રોસિસીંગ શરુ થઇ ગયું છે.

ચિતોડગઢ જિલ્લાના અંકોલામાં સ્વયં સેવક જયપ્રકાશને ત્યાં આ પેન્ટીની સિલાઇ કરવામાં આવી રહી છે.જયપ્રકાશને શરુઆતમાં ૧૦ હજાર પેન્ટ સિવવાનો ઓર્ડર મળ્યો છે.હજુ તેની સિલાઇ નક્કી થઇ નથી.પણ તેઓનું માનવું છે કે એક પેન્ટની સિલાઇની કિંમત રૂ.૨૦૦ થી ૩૦૦ની વચ્ચે હશે.

આરએસએસનું પેન્ટ અગાઉ જયપ્રકાશ વર્ષે સંઘની ૫૦ હજાર ચડ્ડીઓ સિવવાની સાથે સંઘની કાળી ટોપી,લંગોટ અને સફેદ શર્ટ સીવવાનું વારસાગત કામ કરી રહ્યા છે.

# સુબ્રમણ્ય સ્વામીનો ફરીથી ધડાકો : હું નાણાંમત્રી હોત તો ઇન્કમટેક્ષ ખતમ કરી નાંખત

જો દેશમાંથી ઇન્કમટેક્ષ નાબુદ કરી દે તેવો ભડવીર જ જો સ્વામી હોય તો તેમને નાણાંમત્રી બનાવી દેવા જોઇએ.તેમણે કહ્યુ હતું કે મને જો સરકારમાં જગા મળી હોત તો તેઓ ફક્ત એક અઠવાડીયામાં કરી શકે તેમ છે.જો હું સરકારમાં આવું તો ત્રણ વર્ષમાં ઇન્કમટેક્ષ સમાપ્ત કરી દઇશ.આજે લોકોને વધુ બચત માટે આવકવેરાને સંપુર્ણપણે સમાપ્ત કરી પ્રોત્સાહિત કરી શકાય તેમ છે.તેમણે કાળા નાંણાને પાછા લાવવા માટે ટેક્સહેવન દેશોમાં જમા કોષનું રાષ્ટ્રીયકરણ કરવાનું સુચન કર્યુ હતું.બચતદર વધવાથી વૃધ્ધિ માટે સંશાધનો મળશે અને આવકવેરો સમાપ્ત થઇ જવાથી જે ૨૦૦૦ અબજ રુ.ની સરકારને ખોટ પડશે તેની ઘણે અંશે ભરપાઇ થઇ શકશે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# તિસ્તા સેતલવાડના એનજીઓને મળતુ ભંડોળ તેમના અંગત ખર્ચ માટે વપરાતું હોવાથી સરકારે તેમને મળતા વિદેશી ભંડોળ પર પ્રતિબધ મુક્યો

તત્કાલિક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે તિસ્તા સેતલવાડે ગોધરાકાંડ અને ગુલમર્ગ કાંડ માટે ચલાવેલી લડતથી સરકાર નારાજ હતી.પરંતુ તેઓના હાથમાં સત્તા નહોતી કે તેનો તેઓ ઉપયોગ કરી શકે.કેન્દ્રમાં સત્તા પર આવ્યા બાદ જેઓએ સરકારની સામે વિરોધો કર્યા હતા તેમની પર તવાઇ આવી તેમાં તિસ્તા સેતલવાડનું એનજીઓ પણ સમાવેશ થાય છે.સરકાર દ્વારા તિસ્તા સેતલવાડના એનજીઓને મળતા વિદેશી ભંડોળ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.એનજીઓ દ્વારા આ બાબતે હોબાળો થતાં સરકારે સ્પષ્ટતા કરી છે કે સબરંગ ટ્રસ્ટ વિવાદિત છે.અને તેમની કામગીરી શંકાસ્પદ છે.આ એનજીઓના સંચાલક તિસ્તા અને તેમના પતિ જાવેદ આનંદે ટ્રસ્ટને મળતી રકમનો ઉપયોગ તેમના અંગત ખર્ચાઓમાં અને શોખ માટે પણ કર્યો છે

આ દંપતી દ્વારા પોતાના અંગત ક્રેડિટ કાર્ડના બિલ,મોંઘી હોટલના બિલ, જાણીતી રેસ્ટોરંટમાંથી ફુડપાર્સલ મંગાવ્યાના બીલ,ઇયરબર્ડસ,તેમજ સેનેટરી નેપકીન્સનો ખર્ચ પણ તેમણે વિદેશી ભંડોળમાંથી કર્યો છે.જો કે અધિકારીઓએ જણાવ્યુ હતું કે જે જે યાદીઓ જોવા મળી છે ખરેખર આશ્ચર્યજનક હતી.આનદે કહ્યુ હતું કે આ બાબતે આગળ કાયદાકીય મદદ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.અમારા માટે આ નિર્ણય આશ્ચર્યકારક નથી.નિર્ણય મોડો લેવાયો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંછુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૭૯૩૧૯૮૬૫. ૯૭૧૪૫૧૯૩૬૭

# મુંબઇ હાઇકોર્ટની સેન્સર બોર્ડને ‘ઉડતા પંજાબ’ માટે ચીમકી અપાઇ

મુંબઈ હાઈકોર્ટે ફિલ્મ ઉડતા પંજાબના મામલે સેન્સર બોર્ડની ઝાટકણી કાઢી હતી અને ચિમકી આપી હતી કે વધુ પડતા ટીકાકાર ન બને. ફિલ્મ ઉદ્યોગમાં રચનાત્મક લોકો ફુલીફાલી શકે તે માટે તેણે નિયંત્રણમાં રાખવાની જરુર છે.જો કે તેણે ફિલ્મમાંથી ભીડ સામે એકટરને મુત્ર વિર્સજન કરતા એક સીનને કાપી નાંખવાની ભલામણ કરી હતી. જે મામલે તેઓ માની ગયા હતા. કોર્ટે આ મામલે બે દિવસમાં તેનો અંતિમ ચુકાદો આપવા કહ્યુ હતું. ડ્રગ થિમ પર આધારિત આ ફિલ્મમાંથી આ સીન કાપી નાંખવાની સીબીએફસીની ભલામણ સાથે હાઇકોર્ટે સંમતિ દર્શાવી છે. જો કે તેણે બીજી બાજુ ફિલ્મમાંથી પંજાબ ના સંદર્ભને ઉડાવી દેવાની તેની માંગણી ફુકરાવી દીધી છે.

જો કે સેન્સર બોર્ડ ફિલ્મમાંથી ૧૩ જેટલા સીન કાપી નાંખવા માટે મક્કમ છે.પોતાનુ આ પગલું ભરવા માટે તે હાઇકોર્ટના ચુકાદાની રાહ જોવા તૈયાર છે. જો કે કોર્ટનો રુખ જોતાં એવું નથી લાગતું કે એક બે સીનથી કે સંવાદ ઉપરાંત ફિલ્મમાં કોઇ કાતર ફરી શકે. ઉલ્લેખનીય છે કે ફિલ્મમાં ૯૪ કટ સુચવાયા છે.

# અમેરીકાએ પાકિસ્તાનને કડક શબ્દોમાં ટકોર કરી છે કે તેમને ત્યાંથી ભારત પર થતા આતંકી હુમલાઓ અટકાવે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકી સંસદમાં કરેલા પ્રવચન દરમિયાન પાકિસ્તાન તેમની ધરતી પરથી ભારત પર આતંકી હુમલાઓમાં પોતાની જમીનનો ઉપયોગ કરવા દે છે તે બાબતની વાત કરી હતી.પરિણામે અમેરિકાએ પાકિસ્તાનને કડક શબ્દોમાં ટકોર કરી છે કે તે પોતાની જમીનનો ઉપયોગ ભારતમાં હુમલા કરવા કે કાવતરુ રચવા માટે ન કરવા દે.અમેરિકી વિદેશી મંત્રાલયના પ્રવક્તા માર્ક ટોનરે કહ્યુ હતું કે આ એવા પગલાંમાંથી એક છે કે જે માટે અમેરિકાએ પાકિસ્તાનને પ્રોત્સાહિત કરી રહ્યુ છે.જેથી ભારત સાથે તેના સબંધો સુધારી શકાય. અમારુ માનવું છે કે ભારત અને પાકિસ્તાન વ્યાવહારિક સહયોગથી લાભ મળશે અને અમે બંન્ને દેશો વચ્ચે સહયોગ વધારવા અને તંગદીલી ઘટાડવાના હેતુથી સીધી વાતચીત માટે પ્રોત્સાહિત કરીએ છીએ.ટોનરે કહ્યુ હતું કે આમાં પાકિસ્તાન દ્વારા લેવામાં આવેલા પગલામાં આ સુનિશ્ચિત કરવાની જરુર છે કે તેની જમીનનો ઉપયોગ ભારતમાં હુમલાનું કાવતરુ ચરવા માટે ન થાય અને તેથી વિશેષ પાકિસ્તાન તે તેમામ આતંકવાદી જુથોથી ભીડવા માટે પગલું ભરે.એક પ્રશ્નના જવાબમાં ટોનરે કહ્યુ હતું કે રાષ્ટ્રપતિ બરાક ઓબામા વચ્ચે જે મામલાઓ પર ચર્ચા થઇ હતી તેમાં પાકિસ્તાનનો મુદ્દો પણ સામેલ હતો.

# ૪૬ વર્ષ સુધી સતત ચાલેલું સંસ્કૃત અખબાર બંધ થવાને આરે

દુનિયાનું એકમાત્ર સંસ્કૃત દૈનિક અખબાર સુર્ધમા એક મહિના પછી પોતાનો ૪૬વર્ષનો કાર્યકાળ પુરો કરશે.પરંતુ હવે તે વધુ એક મહિનો ચાલશે કે કેમ તે બાબતે દ્વિધા છે.રાજનીતિ,યોગ,વેદ અને સંસ્કૃતિ સહિત અન્ય સમાચારોવાળા એક પાનાના અખબારનું સરક્યુલેશન ૪૦૦૦ જેટલું છે.

સંસ્કૃતના વિદ્વાન કલાલે નાંદુર વરદરાજ આયંગરે સંસ્કૃત ભાષાના પ્રસાર પ્રચાર માટે ૧૫ જુલાઇ ૧૯૭૦ના રોજ આ અખબાર શરુ કર્યુ હતું.આયંગરના પુત્ર અને સુધર્મનાના સંપાદક કે.વી.સંપતકુમાર કહે છે કે અખબારનું પ્રિન્ટીંગ ચાલુ રાખવું સંઘર્ષપુર્ણ રહ્યું છે.તેમણે કહ્યુ હતું કે સરક્યુલેશન દિવસે દિવસે ઓછુ થતું જાય છે. કેમકે સરકાર તરફથી કોઇ સમર્થન મળતું નથી. એ દુઃખદ છે કે આપણે સંસ્કૃતની ઐતિહાસિક ભુમિકાને સમજી શકતા નથી. જેને વૈશ્વિવ સ્તર પર હવે સાયન્ટિફિક અને ફોનેટીકલી સાઉન્ડ લેગ્વેજ તરીકે માન્યતા મળી છે. આયંગરે તત્કાલીન માહિતી અને પ્રસારણ મંત્રી આઇ.કે.ગુજરાલને સંસ્કૃતમાં ન્યુઝ બુલેટીન્સ આપવામાં આવે તેવો અનુરોધ કર્યો હતો. જો કે હવે સંસ્કૃતમાં વાચકો મળતા નથી


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક 9825169386


# શિવસેનાના વારંવાર કેન્દ્રની સરકાર અને વડાપ્રધાન મોદીજી પર કરાતી ટીપ્પણીઓ સામે ભાજપનો પલટવાર

શિવસેના દ્વારા વારંવાર કેન્દ્રની એનડીએ સરકાર અને વડાપ્રધાન મોદીજી સામે અનેક ટિપ્પણીઓ કરવામાં આવી પરંતુ ભાજપ તરફથી મૌન રાખવામાં આવતું હતું પરંતુ હવે ભાજપ તરફથી પલટવાર રુપે શિવસેના સામે પોસ્ટર યુદ્ધમાં જવાબ અપાયો છે કે આ દેશમાતોશ્રી અને



પિતાશ્રીથી ચાલતો નથી.

શિવસેનાના નેતૃત્વને ખોટી રીતે રજુ કરવા સબંધી સોશ્યલ મીડીયા પોસ્ટ વાયરલ થતાંની સાથેજ આગામી વર્ષે યોજાનારી મુંબઇ કોર્પોરેશનની ચુંટણી પહેલાં ભાજપ અને શિવસેના વચ્ચે તણાવ વધી ગયો છે.બંને સાથી પક્ષોએ એકબીજા સામે કાદવ ઉછાળ શરુ કરી દીધો છે.શિવસેના દ્વારા વારંવાર વડાપ્રધાન મોદીની થઇ રહેલી ટીકા ટિપ્પણીઓનો જવાબ આપવા માટે મુંબઇમાં પોસ્ટરો લાગ્યા છે.અને તેમાં શિવસેનાના વડા સ્વર્ગસ્થ બાળ ઠાકરે વિરુધ્ધ ટિપ્પણીઓ કરવામાં આવી છે.

આ પોસ્ટરોમાં આઇ સપોર્ટ નમો : હુ નમોનું સમર્થન કરુ છું ના નારા લખેલા છે તેમજ આમાં શિવસેનાના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરે અને પાર્ટી પ્રવક્તાના કાન્ટુર્સ અને ચિત્રો છે. એક પોસ્ટરમાં તો શિવસેનાના વડા ઉધ્ધવની મજાક કરાઇ છે. તેમાં લખાયું છે કે આ દેશ પિતાશ્રી( સ્વ.બાળ ઠાકરે) અને માતોશ્રી(મરાઠીમાં માતા તેમજ મુંબઇમાં ઠાકરે પરિવારના નિવાસ)ના આર્શીવાદથી ચાલતો નથી.

તેનાથી આગળ એક તસ્વીરમાં તો દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, કોગ્રેસના નેતા દિગ્વિજયસિંહ,શિવસેનાના નેતા ઉધ્ધવ ઠાકરે, અને રાઉતને એક જ એક જ જાતના લોકો ગણાવ્યા છે.જો કે અત્યાર સુધી ભાજપના કોઇ નેતા કે પ્રવક્તાએ આ પોસ્ટરોની જવાબદારી લીધી નથી એવા અહેવાલો છે કે ભાજપના મુંબઇ એકમના પ્રમુખ આશીષ શેલારની મંજુરીથી જ આ થયું છે.તેમણે આગામી ચુંટણી પહેલાં શિવસેનાની સામે આકરો સુર અપનાવ્યો છે.ઉલ્લેખનીય છે કે શિવસેનાએ તાજેતરમાં મોદીની સરખામણી નિઝામ સાથે કરી હતી. અગાવ પણ શિવસેનાએ અનેક વખત ભાજપ અને નરેન્દ્ર મોદી સરકારની ટીકાઓ કરી ચુક્યુ છે.

ભાજપ-શિવસેનાની યુતિ સરકાર ભલે હોય પરંતુ ભાજપ-શિવસેનાનું શીતયુધ્ધ રોજરોજ ચાલતુ રહ્યું છે.શિવસેનાના નેતા સંજય રાઉતે મોદીને નિઝામના બાપ ગણાવ્યા હતા.તો ભાજપના પોસ્ટરમાં શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેને દેડકો અને અન્ય ઉપાધિઓ આપી કટાક્ષ કરી ઠાકરેનું અપમાન કર્યુ



હતું.ભાજપ-શિવસેનાના પોસ્ટરવોરમાં હવે નવું પોસ્ટર બહાર આવ્યુ છે. જેમાં વડાપ્રધાન મોદીને નાગની ઉપાધિ આપવમાં આવી છે.જેની મદદથી સત્તા પર આવ્યા તેની સાથે જ ગદ્દારી કરી .પીએમ મોદીને હવામાં ઉડતા અને શિવસેનાના ઉપકારો ભુલા ગયા હોવાનો કટાક્ષ શિવસેનાના પોસ્ટરોમાં કરાયો છે.

જો કે તાજેતરના સામનાના તંત્રીલેખમાં શિવસેનાએ ગુલાંટ મારીને મોદીની પ્રશંસા પણ કરી છે.કાર્યકર્ચાઓમાં હાલ કોણ કોનાથી ચઢિયાતું છે તેની સ્પર્ધા લાગી હોય તેમ જણાય છે.બંને પક્ષના કાર્યકર્તાઓ પોસ્ટરના મામલે સ્પર્ધા કરી રહ્યા છે.શિવસેના અને ભાજપની પોસ્ટર વોર ઇન્ટરનેટ પર વાયરલ થઇ રહી છે. જે એક ચિંતાનો વિષય છે.શિવસેના અને ભાજપના નેતાઓ ઇન્ટરનેટ પર એકબીજા પર અભદ્ર શબ્દોનો ઉપયોગ કરીને ટીકાઓ કરી રહ્યા છે. જો કે પોસ્ટરોના મિશ્ર પ્રત્યાઘાતો આવી રહ્યા છે.પરંતુ આ બધાની લોકમાનસ પર ખરાબ અસરો ઉભી થઇ રહી છે.

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને મોદીજી વચ્ચેના સબંધો પર કટાક્ષ કરતાં શિવસેનાએ કહ્યુ હતું કે ઓબામા તેમની મુદત પુરી થયા બાદ ભારતમાં શિફ્ટ થઇ જાય તો નવાઇ નહીં. મુખપત્ર સામનામાં શિવસેનાએ લખ્યું છે કે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા મોદીના સારા મિત્ર બની ગયા છે.તેમના સબંધો એટલા ઉંડા છે કે ઓબામાની નિવૃત્તિ બાદ તેમનો પરિવાર સુરત, રાજકોટ,પોરબંદર, મનાલી, મહાબળેશ્વર કે દિલ્હીમાં આવી જાય તો નવાઇ નહી.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



# નેપાળમાં સુવાર્તા પ્રચાર કરતાં સાત ખ્રિસ્તીઓની ધરપકડ

નેપાળના ધોલેખા વિસ્તારમાં વિદ્યાર્થીઓને ખ્રિસ્તી સુવાર્તાની વહેચણી કરતાં સાત નેપાળના નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સર્ન દ્વારા જણાવાયું હતું કે ધરપકડ કરાયેલ ખ્રિસ્તીઓ પર ધર્મપરિવર્તનનો આરોપ મુકવામાં આવ્યો હતો.હિંદુ બહુમતી ધરાવતા નેપાળ રાષ્ટ્રમાં ખ્રિસ્તી ધર્મ પરિવર્તન કરાવવાના આરોપસર ૨૦૧૫માં આ ધરપકડ કરવામા આવી છે.નેપાળમાં ધર્મપરિવર્તન કરવા કે કરાવવા પર મજબુત કાયદો ઘડવામાં આવ્યો છે.જેમની ધરપકડ કરવામાં આવી છે તેમાં બે સ્કુલોના પ્રિન્સીપાલનો સમાવેશ થાય છે અને બીજા પાંચ વ્યક્તિઓ ટેકનીકલ સ્ટાફ છે.જે ખ્રિસ્તી સંસ્થાઓમાં નોકરી કરી રહ્યા છે.આઈસીસી જેણે આ સતાવણી બાબતે કહ્યુ હતું કે વિશ્વમાં ચાલી રહેલી સતાવણીનો આ એક ભાગ છે.સતાવણીનો ભોગ બનેલા પૈકીના એક વ્યક્તિએ કહ્યું હતું કે પોલીસો ખ્રિસ્તીઓ પ્રત્યે રુડ અને સખ્ત રહ્યા છે.પોલીસે તેમને એક ક્રિમિનલ હોય તેવી રીતે ટ્રીટ કર્યા છે.તેમની ધરપકડ કરવાની સાથે તેમને બેડીઓ પહેરાવવામાં આવી હતી.જે અધિકારી આ વખતે ચાર્જમાં હતા તેમણે કોઈને પણ આ બાબતે સાંભળવાની દરકાર કરી નહોતી અને કહ્યુ હતું કે ખ્રિસ્તીઓ તમે નર્કમાં જાવ.

ધરપકડ કરાયેલ ખ્રિસ્તીઓ પાસેથી કેટલાક કાગળો પર સહી કરાવવામાં આવી જેમાં લખવામાં આવ્યુ હતું કે બાયબલનું વિતરણ કરવું તે કાયદામાં ગુનો ગણાય છે.તેમાં એવું પણ લખવામાં આવ્યું છે કે તમે હવે ફરીથી આ ગુનો કરશો નહી તેવી ખાત્રી આપી છે.પરંતુ જે લોકોની ધરપકડ કરાઈ હતી તેમણે આ કાગળોમાં સહી કરવાની મનાઈ કરી .ખ્રિસ્તીઓએ ૨૦૧૫માં બનેલા કાયદા વિરુધ્ધ પોતાની મત જણાવ્યો છે.કારણકે આ કાયદામાં ધાર્મિક સ્વતંત્રતા વિરુધ્ધ અને ખ્રિસ્તીઓની સાઉથ એશીયન નેશનમાં વસ્તીમાં થઈ રહેલા વધારા સામેની વાત વણાયેલી છે.નેપાળમાં વસતી ખ્રિસ્તી પ્રજા આ કેસને ખુબજ ગંભીરતાથી લે છે.એક નેપાળના ખ્રિસ્તી પાળક કે જેમનું નામ આઈસીસીએ આપ્યુ નથી અને કહ્યુ કે અમો ધરપકડ કરાયેલા લોકોને છોડાવવા ગંભીર પ્રયત્નો કરી રહ્યા છીએ.અહીના લોકો આ વાત સાંભળીને ઘણા નિરાશ થયા છે.અમારે હવે ખુબજ ચીવટતાપુર્વક બધુ કાર્ય કરવાનું છે.

૨૦૧૫ની સાલથી ખ્રિસ્તીઓ અને સરકાર વચ્ચે નવા ઘડાયેલ કાયદાથી ટેન્સન ચાલી રહ્યું છે.ગત સપ્ટેમ્બરમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તમામ પરદેશી ખ્રિસ્તી મિશનરીઓને દેશ છોડી જવા માટેની ધમકી આપવામાં આવી હતી.તેમની પર દેશમાં ભ્રષ્ટાચાર ફેલાવવાનો આરોપ લગાવાયો હતો.તેમણે જાહેર કરેલું કે આજથી નેપાળ ખ્રિસ્તીઓથી મુક્ત હિંદુ રાજ્ય છે.મોરચાએ કહ્યુ હતું કે અમો તમામ ખ્રિસ્તી નેતાઓને ચીમકી આપીએ છીએ કે તેઓ આ દેશ છોડી ચાલ્યા જાય.તેમજ જેઓએ હિંદુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે તે તમામ લોકો હિંદુ ધર્મમાં પાછા ફરે.હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા આ સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું હતું.

ફાઈટ ન્યુઝ એજન્સી દ્વારા નોધ કરવામાં આવી હતી કે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આ ચેતવણી તરફ ધ્યાન આપવામાં આવ્યુ નહોતું. અને તેઓએ તેમની કામગીરી ચાલુ રાખી હતી.તેઓએ તેમના ધર્મ પ્રચાર અને પ્રસાર ચાલુ રાખ્યો હતો અને સાથે સાથે ચર્ચાઓ પણ ચાલુ રાખી હતી.આઈસીસી રીજીનોલ મેનેજર ફોર સાઉથ એશીયા, વીલિયમ સ્ટાર્કના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં થયેલી ધરપકડ આ દેશના તમામ ખ્રિસ્તીઓ માટે ચેતવણીરુપ છે.ગત વર્ષ જ્યારે નેપાલે પોતાનું નવું બંધારણ સ્વીકાર્યુ ત્યારે તેમાં જણાવાયેલ આર્ટીકલ ૨૬ એ કોન્ટ્રાવર્સીયલ હતું.ખ્રિસ્તીઓને આ બાબતે ભય હતો કે આ આર્ટીકલને તેઓ હથિયાર બનાવીને તેમની વિરુધ્ધ ઉપયોગમાં લવાશે.અને તેમની ધાર્મિક સ્વાતંત્રતાને ઝુંટવવા માટે પ્રયત્ન કરવામાં આવશે.

આજે નેપાળી ખ્રિસ્તીઓની ધરપકડે તેમનો ભય સાચો પડ્યો હોય તેવું લાગી રહ્યું છે.ખ્રિસ્તીઓને નર્ક ભણી ધકેલવામાં આવી રહયા છે કારણકે તેઓનો ખ્રિસ્તી વિશ્વાસ હિંદુ કટ્ટરવાદીઓને નડી રહ્યો છે.જો કે નેપાળે બિનસાંપ્રદાયિક બંધારણ સ્વીકાર્યુ છે પરંતુ કેટલાક હિંદુ કટ્ટરવાદીઓને તે સ્વીકાર્ય નથી જેમની પાછળ ભારતની કેટલીક હિંદુ કટ્ટરતાવાદી સંસ્થાઓનો સાથ મળેલો છે તેવું વિલિયમ સ્ટાર્કનું માનવું છે.

કોઈપણ વ્યક્તિ પોતાની ધાર્મિક સ્વાતંત્રતા માટે બીક રાખવી જોઈએ નહીં. તેમજ ધાર્મિક આસ્થા માટે જેલવાસ થાય તેવી બીક પણ રાખવી જોઈએ નહીં. આઈસીસીએ ધરપકડ કરાયેલા તમામને તાત્કાલિક છોડી મુકવા માટે નેપાળ સરકારને વિનંતી કરી છે. તેમજ બંધારણના આર્ટીકલ ૨૬માં સંશોધન કરીને તેમાં સ્પષ્ટ પણે ધાર્મિક સ્વાતંત્રતાની બાબતને સ્પષ્ટ કરીને નેપાળના ખ્રિસ્તી નાગરિકોને ખાત્રી આપવી જોઈએ કે તેમને નાગરિકો તરીકેના હક્કો સંપુર્ણપણે બંધારણથી રક્ષાયેલા છે.નેપાળના બંધારણના આર્ટીકલ ૨૬માં ધાર્મિક સ્વાતંત્રતાને લગતી જોગવાઈઓ લઘુમતિઓના ધાર્મિક સ્વાતંત્રતાના હક્કો પર તરાપ મારતી જોગવાઈઓ છે તેમાં સંશોધન કરવું આવશ્યક છે.જો તમારે બંધારણને બિનસાંપ્રદાયિક ખરેખર બનાવવું હોય તો.નેપાળ આ પહેલાં હિંદુ રાષ્ટ્રતરીકે હતું. વિશ્વના નકશા પર માત્ર એકજ રાષ્ટ્ર હિંદુ હતું જે નેપાળમાં થયેલા સત્તા પરિવર્તન બાદ બિનસાંપ્રદાયિક રાજ્યમાં પરિવર્તન પામ્યુ છે.

# નોકરીમાંથી સ્વેચ્છીક નિવૃત્તિ અંગે આપેલ નોટિસનો સ્વીકાર અંગેનો જવાબ ના મળે તો પણ નિવૃત થઇ શકાય : ગુજરાત હાઇકોર્ટ

ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક અગત્યનો ચુકાદો આપવામાં આવ્યો છે.સ્વૈચ્છીક નિવૃત્તિની નોટીસ અંગે હાઈકોર્ટે જણાવ્યુ હતું કે કર્મચારીએ વિભાગના વડાને નોટિસ આપી હોય અને નોટિસનો પિરીયડ પુરો થતા પહેલાં સરકારી વિભાગ તરફથી તેનો સ્વીકાર કે અસ્વીકારનો જવાબ ના મળે તો કર્મચારી નોકરી છોડીને જઈ શકે છે. નોટિસનો પિરીયડ બાદ કર્મચારી ગેરહાજર રહે તો કંપની તેની સામે ખાતાકીય તપાસ કરાવી શકે નહીં.ભાવનગરના સરકારી કર્મચારીએ હાઈકોર્ટમાં અરજી કરીને એવી દલીલ કરી હતી કે સ્વૈચ્છીક નિવૃત્તિ અંગે હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને પત્ર લખીને નોટીસ આપી હતી. જો કે વિભાગ દ્વારા તેમની નોટિસ અંગે કોઈ જવાબ અપાયો નહોતો. બીજી તરફ નોટિસ પિરિયડ પુરો થતાં કર્મચારીએ નોકરી પર જવાનું બંધ કરી દીધું હતું.સતત કર્મચારી ગેરહાજર રહેતા વિભાગે તેમની સામે ગેરશિસ્ત અને ગેરહાજરી અંગે ખાતાકીય તપાસના આદેશ કર્યા હતા.ખાતાકીય તપાસ શરુ થતાં કર્મચારીની બાકીના લાભો અટકાવી દેવામાં આવ્યા હતા.જેને પગલે કર્મચારીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે એવો આદેશ કર્યો હતો કે કર્મચારી નોટિસ પિરીયડ અંગે નોટિસ આપે તો તેની ફરજ પુરી થઈ જાય છે.વિભાગના વડા કે એમ્પલોયર તેનો જવાબ ના આપે તો કર્મચારી નોટિસ પિરિયડ બાદ નોકરી પર જવાનું બંધ કરી શકે છે. આ અંગે વિભાગના વડા કે એમ્પલોયર તેમની સામે ખાતાકીય તપાસ કે ગેરશિસ્ત અંગેના કોઈ પગલાં લઈ શકે નહીં.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.





ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.